# વાક્ય : પ્રકારો અને પરિવર્તન

- માનવ-વ્યવહાર માટે ભાષા એક પરિવાહન છે. વિચારોની આપ-લે માટે તથા કાર્યો અર્થે વાણી-વ્યવહાર આવશ્યક બને છે. ક્યારેક કંઈક કથન, ક્યારેક કંઈક પૃચ્છા, ક્યારેક અચરજ – આ માનવ-વ્યવહાર અને વાણી-વ્યવહાર માટે સ્વાભાવિક છે.
- વાક્યના પ્રકારો નીચે મુજબ છે.
    - વિધાનવાક્ય, પશ્નવાક્ય અને ઉદગારવાક્ય
    - વિધિવાક્ય અને નિષેધવાક્ય
    - સાદી રચના અને પ્રેરક રચના
    - કર્તરિ, કર્મણિ અને ભાવે રચના

**1. વિધાનવાક્ય, પશ્નવાક્ય અને ઉદગારવાક્ય**

- જેમાં હકીકતનું સીધું કથન હોય, એટલે કે નિવેદન હોય તે "**વિધાનવાક્ય**" છે.
- જે વાક્યમાં હકીકત વિશે પ્રશ્ન કરવામાં આવ્યો હોય તેને "**પ્રશ્નવાક્ય**" કહે છે.
- જે વાક્યમાં હકીકત વિશે અચરજ કે આશ્ચર્ય અથવા નવાઈ જેવી લાગણીઓ – ક્યારેક શોક કે વિષાદ તો ક્યારેક હર્ષ કે ઉલ્લાસની લાગણીઓ પ્રગટ થતી હોય તેને "ઉદગારવાક્ય" કહે છે.
- વાક્ય એવો શબ્દસમૂહ છે, જેમાંથી અર્થ પ્રગટ થતો હોય. કર્તા, કર્મ, ક્રિયાપદ ઈત્યાદિ પદોનું તેમાં નિયોજન થતું હોય છે. આ રીતે વિચારીએ તો રચનાની દૃષ્ટિએ ત્રણે વાક્યો જુદાં પડતાં નથી. બોલવાના આરોહ-અવરોહ અથવા બોલાતી વખતે અવાજમાં પ્રગટતા ભાવને લીધે તે જુદાં પડે છે. માત્ર તે ભાવોને દર્શાવવા વાક્યને અંતે જે વિરામચિહ્નો મૂકવામાં આવે છે તેથી લખાણમાં વાક્ય-પ્રકાર પામી શકાય છે.

- ઉદા.
  - ✓ તે નિબંધ લખે છે.
  - ✓ તે નિબંધ લખે છે?
  - ✓ અહો ! તે નિબંધ છે !

- ઉપરના દર્શાવેલા પ્રશ્નવાક્યના જવાબમાં "હા" કે "ના" આવે, પરંતુ ક્યારેક જવાબમાં ચોક્કસ વિગત જણાવવી પડે. ત્યારે "શું", "કોણ", "કયું", "ક્યાં", "કેમ" વગેરે પ્રશ્નસૂચક પદો યોજીને પ્રશ્નવાક્ય બને છે.
- ઉદા.
  - ✓ તે ક્યો નિબંધ લખે છે?
  - ✓ તે ક્યાં નિબંધ લખે છે?
  - ✓ તે ક્યારે નિબંધ લખે છે?
  - ✓ તે કેમ નિબંધ લખે છે?

- આ પ્રમાણે "કેવું", "કેટલું", "શું" વગેરે ગુણવાચક અને પ્રમાણવાચક પદો વાક્યમાં યોજવાથી ઉદગારવાચક વાક્ય બને છે.
- ઉદા.
  - ✓ તે કેવો નિબંધ લખે છે !

- આ પ્રમાણે વિધાનવાક્યને આરોહ-અવરોહ કે ભાવ અનુસાર "પ્રશ્નવાક્ય" તરીકે પરિવર્તન કરવા માટે તો કેવળ પ્રશ્નાર્થચિહ્ન જ મૂકવાં પડે, પરંતુ વિધાનવાક્યને ઉત્તરરૂપ ગણી એને અનુરૂપ પ્રશ્નવાક્ય બનાવવા તેમાં યોગ્ય પ્રશ્નપદ મૂકીને રચના કરવી પડે.
- ઉદા.
  - ✓ રાહુલે નિબંધ લખ્યો. (વિધાનવાક્ય)

- ✓ રાહુલે નિબંધ લખ્યો? (પ્રશ્નાર્થવાક્ય)

  અથવા

  રાહુલે કેમ નિબંધ લખ્યો?

- ➢ આ જાતનાં પ્રશ્નવાક્યોને વળી વિધાનવાક્યમાં પરિવર્તન કરતાં પણ અનુરૂપ જવાબ ગોઠવવા પડે.
- ➢ ઉદા.
  - ✓ રાહુલ ભાવનગર જશે. (વિધાનવાક્ય)
  - ✓ રાહુલે આવતીકાલે ભાવનગર જશે? (પ્રશ્નાર્થવાક્ય)

- ➢ વિધાનવાક્યને રચનાની દૃષ્ટિએ ઉદગારવાક્યમાં ફેરવતાં વાક્યમાં ગુણ કે પ્રમાણવાચક પદો હોય તો તેને દુર કરીને, તેને બદલે “કેવું” વગેરે પદોનો ઉપયોગ કરવો પડે.
- ➢ ઉદા.
  - ✓ આજે આપણે મધુર ગીત સાંભળ્યું. (વિધાનવાક્ય)
  - ✓ આજે આપણે કેવું ગીત સાંભળ્યું ! (ઉદગારવાક્ય)

- ➢ ઉદગાર વાક્યરચનામાં વાક્યની શરૂઆતમાં ક્યારેક “અરે!” “અહા!” કે “ઓહ!” જેવા આશ્ચર્યવાચક પદ મૂકવામાં આવે છે.
- ➢ ઉદગારવાક્યને આની ઊલટી પ્રક્રિયાથી વિધાનવાક્યમાં પરિવર્તન કરી શકાય.
- ➢ ઉદા.
  - ✓ મેચ કેવી અદભુત રમાઈ ! (ઉદગારવાક્ય)
  - ✓ મેચ ઘણી અદભુત રમાઈ. (વિધાનવાક્ય)

## 2. વિધિવાક્ય અને નિષેધવાક્ય

- હકારવાળું વાક્ય તે "**વિધિવાક્ય**".
- નકારવાળું વાક્ય તે "**નિષેધવાક્ય**".
- વિધિવાક્યમાંથી નિષેધવાક્યમાં "ન", "નહીં" અથવા "મા" ઉમેરીને થાય છે. "ન+અથી"નું "નથી અને "ન+હતો"નું "નહોતો" થાય છે. નિષેધવાક્યમાં "મા"નો પ્રયોગ આજ્ઞાર્થમાં જ આવે છે. વર્તમાનકાળમાં નિષેધમાં વર્તમાનકૃદન્તવાળું ક્રિયાપદ વપરાય છે, પરંતુ ભવિષ્ય આજ્ઞાર્થમાં આ પ્રકારનું રૂપ વિકલ્પે વપરાય છે.
- ઉદા.

| વિધિવાક્ય | નિષેધવાક્ય |
|---|---|
| - આ પુસ્તકોને હું મોકલવા ઈચ્છું છું. | - આ પુસ્તકોને હું મોકલવા ઈચ્છતો નથી. |
| - તેને ઉદ્યાનમાં લઈ જજો. | - તેને ઉદ્યાનમાં લઈ જજો મા.<br>- તેને ઉદ્યાનમાં ન લઈ જજો.<br>- તેને ઉદ્યાનમાં ના લઈ જતા.<br>- તેને ઉદ્યાનમાં નહીં લઈ જતા.<br>- તેને ઉદ્યાનમાં લઈ જતા નહીં. |

- અત્રે એ નોંધવું જરૂરી છે કે ભવિષ્યકાળમાં પણ નિષેધમાં વિકલ્પે સંભાવનાના રૂપ વપરાય છે
- ઉદા.
  - ✓ હું હવે નિબંધ લખીશ. (વિધિવાક્ય)
  - ✓ હું હવે નિબંધ લખીશ નહી. (વિધાનવાક્ય)

### 3. સાદી રચના અને પ્રેરક રચના

- કથનમાં કોઈ ક્રિયા થતી દર્શાવવામાં આવે છે. જેમ કે, "મે તેને ઇનામ આપ્યું." અહીં કર્તા પોતે ક્રિયા કરે છે. પરંતુ આ વાક્ય આ પ્રમાણે હોય : "મે તેને ઇનામ અપાવ્યું." અહીં કર્તા પોતે ક્રિયા કરતો નથી, પરંતુ તે અન્ય દ્વારા ક્રિયા કરાવે છે.
- સાદી રચનામાંથી પ્રેરક રચના ક્રિયાપદના મૂળ રૂપનું(ધાતુનું) પ્રેરક રૂપ મૂકીને તથા પ્રેરક કે પ્રેરિત કર્તા ઉમેરીને થાય છે. "આપવું" ધાતુનું પ્રેરક રૂપ "અપાવ્યું", "કહ્યું"નું પ્રેરક રૂપ "કહેડાવ્યું". આ પ્રેરક રૂપનાં ઉદાહરણો છે. પ્રેરિત કર્તા એટલે જેની પાસે કામ કરાવ્યું જોય તે.
- ઉદા.

| સાદી રચના | પ્રેરક રચના |
|---|---|
| - રમાબહેન રામુને આમંત્રણ આપ્યું. | - રમાબહેને રામુને આમંત્રણ આપ્યું. |
| - રાહુલે રવિને કહ્યું. | - રાહુલે રવિને કહેવડાવ્યું. |
| - તમારે ભજન ગાવા છે? | - તમારે ભજન ગવડાવવા છે? |

- અકર્મક ક્રિયાપદો પ્રેરકમાં સકર્મક બને છે અને પ્રેરિત કર્તા કર્મનું સ્થાન લે છે.
- ઉદા.

| સાદી રચના | પ્રેરક રચના |
|---|---|
| - પતંગ ચગ્યો. | - પતંગ ચગાવ્યો. |
| - પાર્સલ સહીસલામત પહોંચ્યું. | - પાર્સલને સહીસલામત પહોંચડ્યું |

- પ્રેરકમાંથી સાદી વાક્યરચના કરતી વખતે ઊલટી પ્રક્રિયા થઈ શકે છે.
- પ્રેરક પરથી પુન:પ્રેરક રચના પણ કેટલીક વાર બની શકે છે.
- ઉદા.

| સાદી રચના | પ્રેરક રચના | પુન:પ્રેરક રચના |
|---|---|---|
| - હું લખું છું, | - રાહુલ મને લખાવે છે. | - મારો ભાઈ રાહુલ પાસે મને લખાવડાવે છે. |
| - દફતર સાફ કર્યું. | - નયને દફતર સાફ કરાવ્યું | - મેં નયન પાસે દફતર સાફ કરાવ્યું. |
| - કેરી પડી. | - ઉર્વીશે કેરી પાડી. | - વૈભવે ઉર્વીશ પાસે કેરી પડાવી. |

- આમ, પ્રેરકમાં દ્વિકર્મક કે સકર્મક બનતા ધાતુમાં મૂળનો કર્તા સામાન્ય કર્મરૂપે જ આવે છે. ત્યાં ઉમેરાયેલા કર્તા પુન:પ્રેરક વાક્યરચનામાં “પાસે”વાળું પ્રેરક કર્મ બને છે.

## 4. કર્તરિ, કર્મણિ અને ભાવે રચના

- ઉદા. અ :

| |
|---|
| - રમેશ પુસ્તક વાંચે છે. |
| - લતાએ ગીત ગાયું. |
| - લલિત ક્રિકેટ રમ્યો. |
| - બાળકો ક્રિકેટ રમ્યાં. |

- ઉદા. બ :

| |
|---|
| - રાજેશે રોટલી ખાધી. |
| - વર્ષાએ રોટલો ખાધો. |
| - શોભાએ શાક ખાધું |

- 'ઉદાહરણ અ'માં પ્રથમ વાક્યમાં "વાંચે છે" ક્રિયાપદ છે. અહીં વાંચવાની ક્રિયા છે. વાંચવાની ક્રિયા રમેશ કરે છે. રમેશ કર્તા છે. ક્રિયાપદનું લિંગ અને વચન કર્તા મુજબ છે.
- 'ઉદાહરણ બ'માં દર્શાવેલાં વાક્યોમાં ક્રિયાપદ કર્તાને અવલંબિત નથી. તે કર્મને અનુસરે છે. "રોટલી ખાધી, રોટલો ખાધો અને શાક ખાધું" આ પ્રમાણે ક્રિયાપદ જેને અનુસરે તેને "ક્રિયાનાથ" કહે. જે વાક્યમાં ક્રિયાપદ કર્તાને અનુસરે તેને કર્તરિ પ્રયોગ કહે છે. જે વાક્યમાં ક્રિયાનાથ કર્મને અનુસરે તેને કર્મણિ પ્રયોગ કહે છે.
- અંગ્રેજીમાં Active voice અને Passive voice છે.
  - ✓ રાહુલ હોકી રમે છે. (Rahul plays the Hockey)

    - Active voice
  - ✓ હોકી રાહુલ વડે રમાય છે. (The Hockey is played by Rahul)

    - Passive voice

- ઉપરના પ્રથમ ઉદાહરણમાં ક્રિયાનાથ રાહુલ છે, એટલે કે કર્તાની મુખ્યતા છે. બીજા ઉદાહરણમાં ક્રિયાનાથ હોકી છે, એટલે કે કર્મની મુખ્યતા છે.
- જ્યાં કર્તાની મુખ્યતા હોય તે કર્તરિ-રચના.
- જ્યાં કર્મની મુખ્યતા હોય તે કર્મણિ-રચના.
- એવું ક્યારેક બને છે કે કર્મણિ-રચનાના વાક્યમાં કર્મ હોતું નથી, ત્યાં કેવળ વાક્યના ભાવને સ્વીકારવો પડે છે.
    - ✓ રાહુલથી રમાશે.
- આમ, જ્યાં કર્મ ન હોય, ક્રિયાભાવની મુખ્યતા હોય અને કર્તા ક્રિયાને સહેનાર હોય તે ભાવે-રચના.
- ઉપર દર્શાવ્યા મુજબ કર્તરિ રચનાને ક્રિયાપદના મૂળ રૂપનું કર્મણિ રૂપ વાપરીને તેમજ કર્તાને "થી" અનુગ લગાડીને સાધનભૂત દર્શાવીને કર્મણિ કે ભાવે-રચનામાં ફેરવી શકાય છે. આ ઉપરાંત કર્તાને "તરફથી" જેવાં નામયોગી લગાડીને અબે ક્રિયાપદના મૂળ રૂપની "મા+આવ"વાળી રચના કરીને પણ કર્મણિ-ભાવે-રચના થઈ શકે છે.
    - ✓ રાહુલે ચાની વ્યવસ્થા કરી. (કર્તરિ)
    - ✓ રાહુલ તરફથી ચાની વ્યવસ્થા કરવામાં આવી છે. (કર્મણિ)
- કર્મણિ અને ભાવેરચનાનું કર્તરિ-રચનામાં રૂપાંતર કરવા ઊલટી પ્રક્રિયા કરવી.

- **પરિક્ષાઓમાં પુછાઈ શકે તેવા કેટલાક ઉદાહરણો**
    - બાર વર્ષની છોડીને શું એટલું ભાન ન આવે? (વિધાનવાક્યબનાવો)
    - કુસુમ ડાહી થઈને આવી હતી. (ઉદગારવાક્ય બનાવો)
    - મનુ સંતોષ પામી ઊભો થઈ ચાલ્યો ગયો.
    - તું સામાન્ય હિન્દુસ્તાનીઓથી ઓછો જુનવાણી નથી.(વિધિવાક્ય બનાવો)

- કાશીમા માટલામાં ગોળ ભરવા બેઠા. (પ્રેરકવાક્ય બનાવો)
- અમરતકાકીએ એમની શ્રદ્ધા પ્રમાણેના ઉપચાર ચાલુ રાખ્યા હતા. (કર્મણી વાક્ય બનાવો)
- સિદ્ધપુરથી વસ્ત્ર અપાયું. (કર્તરિ-રચના બનાવો)
- શ્રુતિએ સાંભળ્યું નહીં. (ભાવે પ્રયોગ)
- ગજરાજ નશાથી ચકચૂર બન્યો. (પ્રેરકરચના બનાવો)
- કાશીમાથી કાબરી ગોળનું રોડું ફટકારી દેવાયું. (કર્તરિ વાક્યરચના બનાવો)